# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ- ૩૮૮૦૦૧

**વેટરનરી ગાયનેકોલોજી વિભાગ દ્વારા યોજાયેલ "પ્રોડકટીવિટી એનહાન્સમેન્ટ થ્રુ ઓગમેન્ટિંગ રિપ્રોડકટીવ એફિસિયન્સી ઓફ લાઈવસ્ટોક ફોર સસ્ટેઇનેબલ રૂરલ ઈકોનોમી" નો આંતરરાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ**

આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ખાતે પશુ પ્રજનનશાસ્ત્ર (વેટરનરી ગાયનેકોલોજી) વિભાગ દ્વારા ઇન્ડિયન સોસાયટી ફોર સ્ટડી ઓફ એનિમલ રીપ્રોડકશન (ISSAR)નાં ચોત્રીસમા વાર્ષિક અધિવેશન એવં "પ્રોડકટીવિટી એનહાન્સમેન્ટ થ્રુ ઓગમેન્ટિંગ રિપ્રોડકટીવ એફિસિયન્સી ઓફ લાઈવસ્ટોક ફોર સસ્ટેઇનેબલ રૂરલ ઈકોનોમી" વિષય ઉપર પશુઓની પ્રજનન ક્ષમતા વધારીને ગ્રામીણ પશુપાલકોનાં પશુઓની ઉત્પાદકતા વધારવા માટેનો આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પરિસંવાદનાં ઉદઘાટન સમારંભનો પ્રારંભ બં.અ. કૃષિ મહાવિદ્યાલયનાં ઓડિટોરિયમ ખાતે મહાનુભાવો, દેશ-વિદેશમાંથી પધારેલ વૈજ્ઞાનિકો, પશુપાલન ખાતા એવં વિવિધ સહકારી ડેરીઓનાં પશુચિકિત્સકો, મહાવિદ્યાલયનાં અધિકારીશ્રીઓ એવં કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં તા. ૨૮/૧૨/૨૦૧૮ નાં યોજાયો હતો. આંતરરાષ્ટ્રીય પરિસંવાદની શરૂઆતમાં દિપ-પ્રાગટ્ય એવં પ્રાર્થનાગીત પછી મહાવિદ્યાલયનાં ડીનશ્રી અને પરિસંવાદનાં ચેરમેન ડો. અશ્વિન ઠાકર દ્વારા મહાનુભાવોનું પુષ્પગુચ્છથી ઉમળકાભેર સ્વાગત કર્યા પછી મહાવિદ્યાલયનાં શિક્ષણ, સંશોધન, વિસ્તરણ એવં આઇએસએસઆરની ધ્યેય એવં વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપેલ હતી. ત્યારબાદ ઇન્ડિયન સોસાયટી ફોર સ્ટડી ઓફ એનિમલ રિપ્રોડકશનનાં જનરલ સેક્રેટરીશ્રી ડો. શિવ પ્રસાદે સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કરેલ હતો. જ્યારે આઇએસએસએઆર (ISSAR) નાં પ્રમુખશ્રી અને અતિથિવિશેષશ્રી તરીકે ઉપસ્થિત ડો. વી. ચંદ્રશેખર મૂર્તિએ સંસ્થાના ધ્યેય એવં પ્રાપ્ત કરેલ વૈજ્ઞાનિક સંશોધનની સિદ્ધિઓની વિશદ છણાવટ કરેલ હતી. મુખ્ય અતિથિવિશેષશ્રી તરીકે બિરાજમાન નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદનાં અધ્યક્ષ શ્રી દિલીપ રથ દ્વારા આવાં આંતરરાષ્ટ્રીય પરિસંવાદનો હાર્દ એવં મહત્વ તથા પશુ પ્રજનનક્ષેત્રે પોતાની સંસ્થા દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપેલ હતો.

અતિથિવિશેષશ્રી તરીકે ઉપસ્થિત ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદનાં મેનેજિંગ ડાયરેક્ટર ડો. આર.એસ. સોઢીએ પોતાના વક્તવ્યમાં વૈજ્ઞાનિકોને તેમની સંસ્થા દ્વારા થતાં પશુપાલકોનાં વિકાસલક્ષી આયામોની વિસ્તૃત છણાવટ કરી હતી. અન્ય અતિથિવિશેષશ્રી તરીકે ઉપસ્થિત પ્રો.(ડો.) જે.કે. જેના, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (ફિશરીઝ એન્ડ એનિમલ સાયન્સ), ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ, ન્યુ દિલ્હીએ પશુ પ્રજનનક્ષેત્રે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ અને તેની પશુપાલકો માટેની ઉપયોગિતાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રમુખસ્થાને બિરાજેલ ડો. એન.સી. પટેલ સાહેબ, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં બહોળી સંખ્યામાં હાજર રહેવા બદલ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી રજૂ થનારાં પશુ પ્રજનન ક્ષેત્રનાં સંશોધનોની ત્રિદિવસીય પરિસંવાદમાં ગહન ચર્ચા-વિચારણા કરી, તેની ફળ:શ્રુતિ છેવાડાનાં ગ્રામીણ પશુપાલકો સુધી પહોંચતી કરી તેમનાં આર્થિક વિકાસમાં વધુને વધુ સહભાગી થવા જણાવેલ હતું. ડો. કે.બી. કથીરિયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્યાશાખાધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ એ  મહાવિદ્યાલયમાં થયેલ સંશોધનો અને તેની પશુપાલકો માટેની ઉપયોગિતા વિષે વિસ્તૃત માહિતી આપેલ હતી. આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં પશુઓની પ્રજનનક્ષમતા વધારીને ગ્રામીણ પશુપાલકોનાં પશુઓની ઉત્પાદકતા વધારીને તેમનાં આર્થિક વિકાસ માટે ગહન ચર્ચા અને સંશોધનો રજૂ થયેલ હતા. મહાનુભાવો દ્વારા નિવૃત્ત વૈજ્ઞાનિકો ડો. વી.એમ. મહેતા, ડો. વી.પી. વડોદરીયા, ડો. એમ.એમ. પાઠક, ડો. વાય.જી. દુગવેકર, ડો. એફ.એસ. કાવાણી નું શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ હતું. સાથોસાથ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વૈજ્ઞાનિકોને ISSAR એવોર્ડ્સ અને ફેલોશીપ એનાયત થયેલ હતા. મહાનુભાવોએ પરિસંવાદનાં સોવેનિયર (સ્મૃતિગ્રંથિકા) નું વિમોચન કરેલ હતું. મહાનુભાવોને શાલ એવં સ્મૃતિચિન્હથી સન્માનીત કરવામાં આવેલ હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પી.બી. જાની એ કરેલ હતું. ડો. એ.જે. ધામી, પ્રાધ્યાપક અને વડા, પશુ પ્રજનનશાસ્ત્ર વિભાગ, વેટરનરી કોલેજ, આણંદ અને ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરીએ અભારવિધિ કરેલ હતી.




ISSAR-2018
XXXIV Annual Convention of
Indian Society for Study of Animal Reproduction (ISSAR)
and
International Symposium on
Productivity Enhancement Through Augmenting Reproductive
Efficiency of Livestock for Sustainable Rural Economy
28-30 December, 2018
ISSAR, Gujarat Chapter
and
College of Veterinary Science and Animal Husbandry
Anand Agricultural University, Anand







વેટરનરી ગાયનેકોલોજી વિભાગ દ્વારા યોજાયેલ “પ્રોડકટીવિટી એનહાન્સમેન્ટ થ્રૂ ઓગમેન્ટિગ રિપ્રોડકટીવ એફિસિયન્સી ઓફ લાઈવસ્ટોક ફોર સસ્ટેઇનેબલ રૂરલ ઈકોનોમી” નો આંતરરાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ